જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૮/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૯૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૭ બીયરટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૬૯૫/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૯૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૬ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ હેઠળ ૦૪ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૯૮/૨૦૨૬**

નવરંગપુરાઃ જતીનભાઇ અશ્વીનભાઇ સોલંકી (ઉ.વ.૨૬)(રહે. યોગીનગર નડીયાદ જી.ખેડા) એ તા.૦૭/૦૮/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સપ્ટેમ્બર/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા નેશનલ હેન્ડલુમ સામે આવેલ ફોર્ચ્યુન ઇન્ટરનેશનલ સંસ્થાની ઓફીસ ખાતે ફોર્ચ્યુન ઇન્ટરનેશનલ સંસ્થાના માલીક આરોપી વૈભવ રજનીકાંત શીંદે નાઓએ લકઝમબર્ગ દેશના વિઝા તેમજ વર્ક પરમીટ કરી આપવાની લાલચ આપી જતીનભાઇ પાસેથી કુલ રૂપિયા ૨,૬૫,૦૦૦/– મેળવી લઇ વર્ક પરમીટ કે વિઝા નહી કરી આપી જતીનભાઇ સોલંકી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

સોનાનું મંગળસુત્ર/ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૦૯૯/૨૦૨૬**

મણીનગરઃ નિલમબહેન વા/ઓ ભાવેશભાઇ પંચાલ (ઉ.વ.૪૩)(રહે.યોગીરાજ બંગ્લોઝ એમ.બી પટેલ ફોર્મ પાછળ, જશોદા ચોકડી વટવા) તા.૦૭/૦૮/૨૦૨૬ રાતના ૯/૪૦ વાગ્યાના સુમારે એક્ટિવા ઉપર મણીનગર ખાતે જયહિંદ ચાર રસ્તા થી જવાહર ચોક ચાર રસ્તા વચ્ચે રાધા વલ્લભ મંદીર સામે પટ્ટી વડાપાઉની દુકાન પાસે જતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી નિલમબહેનના ગળામાં પહેરેલ સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૮૦,૦૦૦/– અને સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/– ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નિલમબહેન પંચાલએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૦૦/૨૦૨૬**

વટવાઃ પીળાકંવર વા/ઓ ભરતસિંગ રાજપુત (ઉ.વ.૩૨)(રહે. રૂપ વાટીકા, રૂપ એવન્યુ ચાર રસ્તા પાસે વટવા) તા.૦૬/૦૮/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા ફ્લેટના ચોથા માળે આવેલ પોતાના ઘરે બારી સાફ કરતા હતા ત્યારે અચાનક નીચે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.યુ .રહેવર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૦૧/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ હિર ડો/ઓ રાજેશ્વસિંહ બારીયા (ઉ.વ.૧૯)(રહે.સુયોજન એપાર્ટમેન્ટ સોલા ભાગવત વિધ્યાપીઠ પાસે સોલા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૬ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.મિસ્ત્રી ચલાવે છે.

વાડજઃ નવા વાડજ અખબાર નગર સર્કલ પાસે, શિવમ એપાર્ટમેન્ટ ખાતે રહેતા ભરતભાઈ ઝાલા નાઓના ૧૭ વર્ષના પુત્રએ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દીપકભાઇ બાબુભાઇ ચલાવે છે.

વેજલપુરઃ ફરદીન સ/ઓ ફિરોજભાઇ શેખ (ઉ.વ.૨૩)(રહે.યુશરા પાર્ક–૦૩, યુસુફ રેસીડેંસી, કસ્વા પાર્ક, ફતેહવાડી) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૬ બપોરના ૨/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિંજલબેન ઉદયભાઇ ચલાવે છે.

વટવાઃ મુસ્કાન વા/ઓ મોહંમદસાહિદ મહાવત (ઉ.વ.૨૧)(રહે. સદભાવનાનગર ચાર માળીયા, વટવા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને વટવા બીબી તળાવ પાસે રોશન હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૮/૨૦૨૬ ના કલાક ૦૦/૫૦ વાગે તેમનુ મૃત્યું નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એન.ગોહિલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી